સરકારી કચેરીઓમાં હાજરીનું સરપ્રાઈઝ ચેકિંગ થશે

કામના સમયે અધિકારી કે કર્મચારી હાજર નહીં હોય તો શિસ્તભંગના પગલાં લેવાશે

ગાંધીનગર, તા.૩

સરકારી કચેરીઓમાં કર્મચારીઓની હાજરીનું સર-ઇઝ ચેકિંગ હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કોઈપણ સરકારી ઓફિસમાં કર્મચારી તેના સ્થાન ઉપર હાજર નહી હોય તો આખા દિવસની ગેરહાજરી ગણીને પગલાં લેવામાં આવશે.

રાજયના સામાન્ય વહીવટ વિભાગે એક આદેશમાં જણાવ્યું છે કે -ત્યેક સરકારી કર્મચારીઓ માટે ઓફિસમાં આવવાનો સમય ૧૦.૩૦ નો અને છૂટવાનો સમય ૬.૧૦?? નિયત કરવામાં આવ્યો છે પરંતુ મોટાભાગના કર્મચારીઓ અમદાવાદથી એસટીની પોઈન્ટ બસમાં આવતા હોવાથી તેમના માટે ૧૦ મિનિટની છૂટછાટ આપવામાં આવી છે.

જીએડીએ નક્કી કર્યા -માણે એક મહિનામાં બે વખત કચેરીમાં મોડા આવનારા કર્મચારીના કિસ્સામાં જો તેઓ ત્રીજી વખત ફરજ ઉપર મોડા આવે તો અડધા દિવસની પરચૂરણ રજા કાપી લેવાની રહેશે. આ સાથે કર્મચારીઓને ૧.૩૦ થી ૨.૦૦ અથવા ૨.૦૦ થી ૨.૩૦ વાગ્યા સુધીની અડધા કલાકની રિસેસ આપવામાં આવેલી છે. આ રિસેસમાં વિભાગના કુલ કર્મચારીઓના છઠ્ઠાભાગથી વધુ નહી એટલા કર્મચારીઓ એક સાથે રિસેસમાં જઈ શકે છે.

સામાન્ય વહીવટ વિભાગના ઉપસચિવ જી.કે.ઠાકોરે તેમના પરિપત્રમાં જણાવ્યું છે કે કોર્ટના કામથી અથવા અન્ય કોઈ જગ્યાએ મિટીંગમાં હાજરી આપતા અધિકારી કે કર્મચારીઓ માટે -માણપત્ર ફરજીયાત બનાવવામાં આવ્યું છે. વિભાગના વડાએ તેનું પાલન કરવાનું રહેશે. આદેશમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મંજૂરી વિના રજા ઉપર ઉતરી જતા કર્મચારીઓ સામે નિયમાનુસાર શિસ્તવિષયક કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

સચિવાલયના તમામ વિભાગોમાં અધિકારી કે કર્મચારીઓની હાજરી બાબતે કચેરી સમય દરમ્યાન ચેકીગ કરવામાં આવશે, જેમાં કોઈ કર્મચારી ગેરહાજર હોય તો તેના કારણો સાથે ઉપલા અધિકારીએ તેની ગેરહાજરી પુરાવા સાથે માન્ય કરવી પડશે. કોઈ કિસ્સામાં ઉપલા અધિકારી બચાવવાનો -યાસ કરશે તો તેમની સામે પગલાં લેવામાં આવશે.

-ત્યેક મહિનામાં વિભાગોએ કર્મચારીઓની હાજરી અંગેનો રિપોર્ટ સામાન્ય વહીવટ વિભાગને મોકલવાનો રહેશે. જે કચેરીઓમાં સ્માર્ટકાર્ડ સિસ્ટમ નથી ત્યાં ઓચિંતા ચેકીગની ખાસ સૂચનાઓ આપવામાં આવી છે.

ભારતમાં વિદેશી બેંકોથી સીનીયર સીટીઝનોને પરેશાની

ગાંધીનગર, તા. ૩

ભારતમાં આવેલી વિદેશી બેંકો રીઝર્વ બેન્કના નિયમો ઘોળીને પી ગયેલી છે. જેના પરિણામે સીનીયર સીટીઝનને નુકશાન થાય છે. ક્રેડિટ કાર્ડ ન લીધું હોય તો પણ રૂા. ૬૦૦૦ જેવી રકમ ઉધારે છે. સ્ટેટમેન્ટ મોકલતી નથી. ટેલિફોન પર વારંવાર ઉઘરાણી કરે છે. જુદા જુદા ટેક્ષો પણ લગાડે છે. ભારતમાં આવેલી વિદેશી બેંકો સામે કડક ચકાસણી કરીને કાર્યવાહી કરવાની માંગણી જે.જે. ત્રિવેદી, ઉપ પ્રમુખ ગાંધીનગર સેકટર-૫ શહેર પેન્શનર્સ સમાજે જણાવેલ છે.

કિસાનોને પાણી માટે વીજ પુરવઠો આપવા માંગ

ગાંધીનગર, તા. ૩

ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશ માગણી કરી છે કે ચોમાસુ પૂર્ણ થવાની તૈયારી હોવાથી પાકને એક અથવા બે પાણીની જરૂર ઉભી થયેલ છે. આઠ કલાક વીજપુરવઠો આપવામાં આવે છે. તેને બદલે ૨૪ કલાક વીજપુરવઠો પહોંચાડવામાં આવશે તો કોઈ પાકને નુકશાન થશે નહીં. ફક્ત ૧૫ દિવસ વીજપુરવઠો ખેડૂતોને પુરતો આપવાની માંગણી કરેલ છે. કૃષિમંત્રીને રજૂઆત કરવામાં આવેલ છે. પ્રદેશ અધ્યક્ષ મગનભાઈ પટેલે જણાવેલ છે.

ડીસા સિવિલ હોસ્પિટલમાં બાળકોના વોર્ડ પાસે ગંદકી

ડીસા શહેરમાં અત્યારે વાયરલ ફીવરમાં લોકો માંદગીના બિછાને પોઢી રહ્યા છે તેમાંય બાળકોમાં બિમારીનું પ્રમાણ વધું છે. જેના કારણે સરકારી હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે પરંતુ સરકારી હોસ્પિટલમાં સાફ દ્વારા યોગ્ય સેવાઓ નહી અપાતા ભર્તી થનાર દર્દીઓને પરેશાન થવું પડે છે. અત્યારે ડીસાની સરકારી હોસ્પિટલમાં બાળદર્દીઓના વોર્ડ આસપાસ ગંદકી જોવા મળે છે. દિવાલો પર પાન ગુટખાની પિચકારીઓ મારેલી નજરે પડે છે. તેમજ મચ્છરોનો પણ ભારે ઉપદ્રવ સર્જાયો છે જેના કારણે બાળકો તેમજ તેમના સગાઓને એક રાત પસાર કરવી પણ મુશ્કેલ બની જાય છે. આ વોર્ડમાં પાથરવા માટે પથારી, ગાદલા અને ઓશીકા પણ તુટેલા અને ચાદર પણ પાથરતા નથી ગંદા છે આમ છતાં હોસ્પિટલના તંત્ર દ્વારા દર્દીઓની સુવિધા માટે કોઈ પગલા ભરાતા નથી ત્યારે આ બાબતે જીલ્લા આરોગ્ય અને રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા નોધ લઈ દર્દીઓની હેરાનગતિનો અંત લાવવામાં આવે તેવી માંગ પ્રવર્તી રહી છે. (તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા વિવિધ સ્પર્ધાઓનું આયોજન

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર સમસ્ત બ્રહ્મસમાજની મહિલા પાંખ દ્વારા શ્રાવણમાસ તેમજ આગામી ગણેશોત્સવને ધ્યાને રાખી બ્રહ્મભવન ખાતે આગામી તારીખ ૧૧ સપ્ટેમ્બરને બુધવારે બપોરના ૨ કલાકે ગણેશવંદના જેમાં ગણેશજી તથા ભગવાન શિવના ભક્તિમય ભજનો ગાવાના રહેશે. તેમજ દીવાળીની વાનગીઓ તેમાં પણ ખાસ કરીને વિવિધ પ્રસાદ ઘરેથી બનાવી લાવવાના રહેશે. આ વિવિધ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી બહેનોએ સમાજના પ્રમુખ પ્રતિભાબેન દવે ફોન નંબર - ૨૩૨-૪૯૬૩૯, આશાબેન ભટ્ટ ફોન નંબર - ૨૩૨-૨૫૬૫૬, જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય ફોન નંબર - ૨૩૨-૪૧૪૫૨ તેમજ નીશાબેન જોષી - ૯૯૧૩૮૪૦૧૨૬ ઉપર સંપર્ક કરી નામ નોંધાવવા સમાજના પ્રમુખ પ્રતિભાબેન દવે દ્વારા જણાવવામાં આવ્યું છે.

ગુજરાતના પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે રબારી સમાજ ધર્મશાળાના પ્રથમ માળનું ઉદઘાટન અને દાતાઓનો સત્કાર સમારોહ યોજાયો હતો. જેમાં પૂર્વ ધારાસભ્ય માલજીભાઈ દેસાઈ (ઝીલીયા), પૂર્વ સાંસદ સાગરભાઈ રાયકા, પૂર્વ ધારાસભ્ય બાબુભાઈ દેસાઈ, પ્રદેશ કોંગ્રેસ માલધારી સેલના અધ્યક્ષ વી.વી.રબારી, રબારી સમાજ ધર્મશાળા અંબાજીના મેનેજીંગ ટ્રસ્ટી અને ડીસાના પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ સહિત સંતો-મહંતો અને સમાજના બંધુઓની ઉપસ્થિતિમાં ધર્મશાળાના પ્રથમ માળના દાતા મગનભાઈ મશરૂભાઈ દેસાઈ પરિવાર (બાઈવાડા), ભોજન તથા મંડપ દાતા માવજીભાઈ મગનભાઈ દેસાઈ (ડીરેકટર ડીસા એ.પી.એમ.સી.), પાણીની ટાંકી તથા બોરના દાતા અમરતભાઈ કાળુભાઈ દેસાઈ (દામા) અને દશરથભાઈ કાળુભાઈ દેસાઈ (દામા)ને પાઘડી તેમજ શાલ ઓઢાડી અંબાજી માતાજીનું મૂર્તિ અર્પણ કરી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વાળીનાથ અખાડા તરભના પ.પૂ. મહંતશ્રી બળદેવગીરીજી બાપુ, પ.પૂ. મહંતશ્રી કનીરામ બાપુ (દૂધરેજ), તેમજ પ.પૂ. ભગવાન કાકા (પીરાણાધામ)એ આર્શિવચન પાઠવ્યા હતા. આ પ્રસંગે સમાજના અગ્રણીઓએ રબારી સમાજના સામાજીક ક્ષેત્રની સાથે સાથે શૈક્ષણિક ક્ષેત્રે પણ આગળ વધવા માટે અપિલ કરી હતી. (તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

નેશનલ લૉ યુનિવર્સિટીમાં ફેલોશીપ પ્રોગ્રામ-નવા સર્ટીફીકેટ કોર્સનું આયોજન

સપ્ટેમ્બર ૨૦૧૩થી શરુ થતા નવા અભ્યાસક્રમ અન્વયે જર્મનીના પ્રોફેસર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે

ગાંધીનગર, તા.૩

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી દ્વારા ફેલોશીપ પ્રોગ્રામ તેમજ નવા સર્ટીફીકેટ કોર્સનું આયોજન કરવામાં આવ્યું છે. સપ્ટેમ્બર ૨૦૧૩થી શરૂ થતા નવા કોર્સ અન્વયે જર્મનીના ફેકલ્ટીઝ દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ કાયદાકીય બાબતોનું માર્ગદર્શન આપવામાં આવશે.

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીએ શિક્ષણ, પ્રશિક્ષણ સંશોધન, તાલીમ ક્ષેત્રે નવી ક્ષિતિજોના આયામો સર કરતા રીસર્ચ બેઈઝ ટીચીંગ યુનિવર્સિટી તરીકે ઓળખ પ્રસ્થાપિત કરી છે. કાયદાના શિક્ષણ સાથે રીયલ એસ્ટેટ એવિએશન જેવી બાબતોને લઈ ૨૧ સદીના વિકાસ સાથે રાષ્ટ્રના વિકાસને જોડવા યુનિવર્સિટી કાર્યરત છે. આગામી પડકારોને પહોંચી વળવા તેમજ કાયદાકીય પ્રબુધ્ધ મેનપાવરનું સર્જન કરવા સંસ્થા કટીબધ્ધ હોવાનું પણ લો યુનિવર્સિટીના ડાયરેકટર બિમલ પટેલે જણાવ્યું હતું. ૫૦ એકર જમીનમાં પથરાયેલ લૉ યુનિ. 'નોલેજ કોરીડોર ઓફ ગુજરાત' તરીકે ખ્યાતી પામેલ છે. સમગ્ર દેશમાં બેચલર ઓફ સોશયલ વેલફેર સાથે એલ.એલ.બી. અભ્યાસક્રમ આપનાર આ પ્રથમ યુનિવર્સિટી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સપ્ટેમ્બર ૨૦૧૩થી શરૂ થનારા ફેલોશીપ પોગ્રામ તેમજ તથા સર્ટીફીકેટ કોર્ષ અન્વયે જર્મનીના પ્રોફેસર સ્ટીફન હોલ, રીટલ એસ્ટેટ ફેલો-આનંદ શ્રીવાસ તેમજ મેરીટાઈમ લૉના તજજ્ઞ સંજીવ રાવળ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે. ફેલોશીપ પોગ્રામ અન્વયે રીયલ એસ્ટેટ લો પોલિસી અને પ્રેકટીસ મર્જર્સ એન્ડ એક્વિઝીશન, એનર્જી લો, ... એન્ડ પ્રેકટીસ એર એન્ડ સ્પેસ લો ઉપરાંત સર્ટીફીકેટ કોર્સ અન્વયે લૉ ઓફ ઈકોનોમિકસ મેનેજમેન્ટ ઓફ એન.જી.ઓ. રીયલ એસ્ટેટ લૉ અંગે માર્ગદર્શન આપવામાં આવશે.

સે. ૨૪ ખાતે રામદેવપીરનો પાઠ ઉત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર સેક્ટર-૨૪ ખાતે આવેલ ઈન્દિરાનગર પોસ્ટ કોલોનીની બાજુના રામદેવ આશ્રમ ખાતે આગામી તા. ૧૩ સપ્ટેમ્બરના રોજ રામદેવ પીરનો પાઠ ઉત્સવ તથા સંતવાણીનો કાર્યક્રમ યોજાનાર છે. તેમજ ૧૪ સપ્ટેમ્બરના રોજ સવારે ૯.૧૫ કલાકે રામદેવપીરનો વરઘોડાનું નિશાન ચઢશે. ત્યારબાદ બપોરે ૧૦ વાગ્યાથી ૧.૩૦ વાગ્યા સુધી ભોજનપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવી હોવાનું રામદેવ આશ્રમના મહંત મહેરદાસ તેમજ ગુરૂશ્રી ઝવેરદાસ દ્વારા જણાવવામાં આવ્યું છે.

જ્યોતેશ્વર મહાદેવ, સે-૨૩ ખાતે આજે વિવિધ ધાર્મિક કાર્યક્રમો

ગાંધીનગર, તા.૩

શ્રાવણ માસની પૂર્ણાહુતી નિમિત્તે સે-૨૩ જ્યોતેશ્વર મહાદેવ ખાતે હોમાત્મક લઘુરુદ્ર, શિખર અર્પણ તથા ધજા આરોહણનો કાર્યક્રમ આવતીકાલે તા. ૪ સપ્ટેમ્બરના રોજ સવારે ૯.૩૦ થી સાંજે ૫.૦૦ દરમિયાન યોજવામાં આવ્યો છે. આ શુભ પ્રસંગે દર્શનનો લાભ લેવા જાહેર આમંત્રણ આપવામાં આવે છે. સે-૨૩ વિરાટનગર સોસાયટી પાસે આવેલ જ્યોતેશ્વર મહાદેવ ખાતે યોજાશે. આ તમામ ધાર્મિક કાર્યક્રમ આચાર્ય શ્રી બળવંતરાય જે. શુકલના આચાર્યપદે યોજાશે.

ખેડૂત વીજળી માટે વલખા મારે અને પાક.ને વીજળી

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે ગુજરાતની ભાજપએ પોતાના ચૂંટણી ઢંઢેરામાં કરેલી જાહેરાતોના માધ્યમથી લોકોને છેતરીને તેની અમલવારી ન કરીને સને ૨૦૦૨થી બનેલા આ ભાજપ સરકારે પ્રસ્થાપિત કર્યું છે કે, અમારા વચનો ફક્ત ચૂંટણીલક્ષી મત લેવા માટેના હતા. ભાજપે પોતાના ૨૦૦૨ના ચૂંટણી ઢંઢેરામાં દર વર્ષે સરકાર ૧૦૦૦ મેગાવોટ વીજળી ઉત્પાદન કરશે. છેલ્લા ૧૦ વર્ષના ગાળામાં દર વર્ષે ૧૦૦૦ મેગાવોટના વધારાથી ૧૦ વર્ષમાં ૧૦૦૦૦ મેગાવોટ વીજળી વધુ ઉત્પન્ન કરવાને બદલે નગણ્ય વીજળી ઉત્પાદન કરીને ખાનગી વીજ ઉત્પાદકોને માલામાલ કરી દેવામાં ભાજપ સરકાર માહેર છે.

એટલું જ નહીં, પોતાની ખોટી વાહ વાહ માટે સોલાર પાવરમાંથી રૂા. ૧૫ પ્રતિ યુનિટ ઉત્પન્ન થતી વીજળી ઉંચા ભાવે ખરીદી અને ૬૦ ટકા નુકસાન કરીને સસ્તા ભાવે વેચવી એ ગાયને દોહીને કૂતરાને પાવા જેવી જે કહેવત છે તેનું વરવું ઉદાહરણ છે. જો ગુજરાત સરકાર વીજ ઉત્પાદનમાં સરપ્લસ હોય તો આવી મોંઘી ઘાટ વીજળી ખરીદવાનો શો તર્ક હોઈ શકે ? એટલું જ નહીં, ગુજરાત સરકાર રાજ્યમાં તો પાકિસ્તાનને જાહેરમાં ભાંડવાનો કે ઉતારી પાડવાનો એકપણ કિસ્સો જતો કરતી નથી અને બીજી બાજુ સસ્તી પ્રસિદ્ધિ માટે ગુજરાત સરકાર પાકિસ્તાનને વીજળી આપશે. પંજાબ સરહદેથી કે કચ્છની સરહદેથી અને એ પણ સૌર ઉર્જા રૂા. ૧૫ પ્રતિ યુનિટ કરતાં વધારે ઉત્પાદન ખર્ચ આવે છે તેવી અને તે પણ ૬૦ ટકા કરતાં પણ વધારે નુકસાન કરીને. પવન ઉર્જા સબસીડીના આધારે ચાલે છે. બિનપરંપરાગત ઉર્જાનો હંમેશા ન પોસાય તેટલો મોંઘો ઉત્પાદન ખર્ચ આવતો હોય છે અને પાકિસ્તાન સાથે ક્યો પ્રેમ ભાજપની ગુજરાત સરકારને ઉભરાયો છે તે સમજાતું નથી. એકબાજુ રાજ્યમાં લાખો ખેડૂતો વીજ કનેક્શન માટે ટળવળે છે અને બીજી બાજુ પાકિસ્તાનને સરપ્લસ વીજળી આપવાની વાતો કરે છે, આમાં પણ સ્ટંટબાજી સિવાય બીજું કાંઈ નથી. રાજ્ય સરકારના સ્ટેટ લોડ ડીસ્પેસ સેન્ટરના વર્ષ ૨૦૧૨-૧૩ના વાર્ષિક રીપોર્ટમાં જણાવ્યા મુજબ રાજ્ય સરકારનું વીજ ઉત્પાદન વર્ષોવર્ષ ઉત્તરોત્તર ઘટતું જાય છે.

શબ્દાવલી - ૫૧૬૬



આડી ચાવી

૧. ગરમ મસાલામાં આવતા એક જાતના ફુલ (૫)
૫. નબ્જ, નાડી, નસ (૨)
૬. સુમશાન (૩)
૮. વહેમ, શંકા (૨)
૧૦. ... જવો, અહોતરાઈ જવું (૪)
૧૧. સ્ફુર્તિ, જોમ (૫)
૧૨. જાગૃત (૩)
૧૪. મસલત, વાતચીત (૪)
૧૭. પહેલાના જમાનાની કલમ (૨)
૧૯. સિંહને... કહેવાય (૪)
૨૨. પિતૃ પાછળ કરાતી વિધિ (૩)
૨૩. નક્કર, કસાયેલ (૪)

ઊભી ચાવી

૧. ધરતીકંપથી લોકોમાં... ફેલાઈ ગઈ, બીક, ભય (૪)
૨. ભય, ભીક (૨)
૩. બ્રેડ બહુ દિવસ રહે તો તેના પર થઈ જાય છે (૨)
૪. છુ થઈ જવું, ભાગી જવું (૩)
૬. સગવડ (૨)
૭. ઘોડા વગેરેમાં તેની પરખ માટે... જોવાય (૩)
૯. તકરાર, મનભેદ (૩)
૧૩. આબુમાં આ તળાવ છે (૨)
૧૪. સંગ, ... ની અસર થાય જ (૩)
૧૫. મીઠું, સબરસ (૩)
૧૬. અંગ્રેજીમાં... એટલે સૂર્ય પણ થાય (૨)
૧૮. જેસલ... ની સમાધિ કચ્છમાં છે (૩)
૨૦. રખ્યા, માટી (૨)
૨૧. ચેતન વિનાનું (૨)

શબ્દાવલી ૫૧૬૫ના જવાબ

આડી ચાવી :- (૧) ધરતી (૨) ખટરાગ (૫) ખટકો (૬) પગાર (૯) પરવાના (૧૦) તરફડાટ (૧૨) તારો (૧૩) સર્વત્ર (૧૪) કરાર (૧૬) રાબ (૧૭) રવ (૧૮) પ્રહર (૨૦) જટીલ (૨૧) તસકર

ઊભી ચાવી :- (૧) ધરપત (૨) ખટપટ (૩) ટકોર (૪) ગણનાપાત્ર (૭) ગાર (૮) રફતાર (૧૧) ડારો (૧૩) સબરસ (૧૪) કરજ (૧૫) રાવટી (૧૬) રાહત (૧૯) તાર

સ્ફોટક પત્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ સરકાર ઉપર વિશ્વાસ રાખી શકાય તેમ નથી.. અમિત શાહ જયારે ગૃહ રાજયમંત્રી હતા ત્યારે પોલીસ જેવા સંવેદનશીલ વિભાગમાં ગેરવહીવટ ચલાવી લેતા હતા.

વણઝારા વધુમાં લખે છે કે મેં છ વર્ષ સુધી મૌન ધારણ કર્યુ અને મને સરકાર ન્યાય આપશે તેવી આશા રાખી હતી પરંતુ હું નિરાશ થયો છું. મેં અને મારા ઓફિસરોએ ગુજરાતને ગોધરાકાંડ પછી બીજું કાશ્મીર બનતા રોક્યુ હતું. જયારે જેહાદી ત્રાસવાદનો ભોગ બન્યુ હતું ત્યારે અમે સરકાર અને લોકોની રક્ષા કરી હતી. અમને સરકારે એન્કાઉન્ટરના ખોટા કેસમાં ફસાવી દીધી છે. આ પત્રમાં તેમણે તે સમયના ગૃહમંત્રી અમિત શાહ સામે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.નરેન્દ્ર મોદી પર અમિત શાહની નીતિની નકારાત્મક અસર થઈ છે.બધા લોકો એવું માનતા હતા કે આ કેસમાં કંઈ જ સત્ય બહાર નહિ આવે અને બધું ઢંકાઈ જશે.પરંતુ પાપનો ઘડો એક દિવસ ભરાય છે. વણઝારા લખે છે કે જેમ જેમ સમય જતો ગયો મને અહેસાસ થઈ ગયો છે કે સરકારે અમને બચાવવા કોઈ રસ લીધો નથી.સીબીઆઈ પોતાની જાતને બચાવવા અમારા જેવા ઓફિસરોને જેલમાં પુરી રાખે છે.સીબીઆઈનો ઉપયોગ કરી સરકાર પોતે તો બચી રહી છે અને રાજકીય ફાયદો પણ ઉઠાવી રહી છે.

ક્લાર્કની આત્મહત્યા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગટગટાવી લેતા તેમની હાલત ગંભીર થઈ જવા પામી હતી. તાત્કાલિક તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતા. પરંતુ સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. નરેશભાઈને સંતાનમાં બે દિકરીઓ છે. આપઘાત કરવા પાછળ ઉચ્ચ અધિકારીઓ હોવાનું પરિવારજનો અને કુટુંબીજનોને ધ્યાને આવતા પોસ્ટમોર્ટમ થઈ ગયા બાદ પણ મૃતદેહ સ્વિકાર્યો ન હતો. રજુઆતો સ્વરૂપે તૈયાર કરેલા કાગળમાં આ રજુઆતોનું નિરાકરણ ન આવતા દવા પી ને આપઘાત કરૂ છુ તેવું લખેલી સ્યુસાઈડ નોટની એક કોપી મળી આવતા પોલીસે નોટ કબ્જે કરી છે. પોલીસ જ્યાં સુધી ત્રણ અધિકારીઓ સામે આપઘાતના દુષ્પ્રેરણ બદલ ગુનો દાખલ ન કરે ત્યાં સુધી મૃતદેહ નહીં સ્વિકારાયની હઠ પકડતા પોલીસે સવારે તાત્કાલિક ત્રણ અધિકારીઓ સમીર વકીલ, પાઠક અને વિજય શાહ સામે ગુનો નોંધી એફ.આઈ.આર.ની કોપી મૃતકનો પરીવારજનોને સોંપી દીધી હતી. એફ.આઈ.આર.ની કોપી મળ્યા બાદ ત્રણેયની ધરપકડ ન થાય ત્યાં સુધી મૃતદેહ નહીં સ્વિકારાયની જીદ કરતા એસ.પી. સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ પી.એમ. રૂમ પાસે આવી પહોંચ્યા હતા. મામલો ઉગ્ર ન બને તે માટે પોલીસનો પુરતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. અંતે ૨૪ કલાક બાદ પરીવારજનોએ મૃતદેહ સ્વિકાર્યો હતો જ્યારે પોલીસે તટસ્થ તપાસ થશે તેવી ખાતરી આપી હતી. સમગ્ર ઘટનાની તપાસ એસ.સી., એસ.ટી. સેલના ડીવાયએસપીને સોંપવામાં આવી છે.

પાલડીમાં ૧૦ લાખની લૂંટ ચલાવી તસ્કરો ફરાર થયા

અમદાવાદ, તા.૦૩

શહેરના પાલડી વિસ્તારમાં આવેલ શાંતિનિકેતન એપાર્ટમેન્ટના એક મકાનમાં આજે સવારે તસ્કરો દ્વારા રૂા. ૧૦ લાખની લૂંટ ચલાવતા ચકચાર મચી જવા પામી છે. બનાવ દરમિયાન વેપારી કોઈ કારણસર બહારગામ ગયા હતા જ્યારે તેમના પત્ની જૈન દેરાસર દર્શન કરવા ગયા હતા. ઘરમાં વેપારીનો પુત્ર સુતો હતો ત્યારે તેના રૂમનો દરવાજો બહારથી બંધ કરી તસ્કરોએ લૂંટ ચલાવી હતી.

પોલીસના સુત્રોના જણાવ્યા અનુસાર, પાલડીના મહાલક્ષ્મી ચાર રસ્તા પાસે આવેલા શાંતિનિકેતન એપાર્ટમેન્ટમાં રાજેશભાઈ ચિનુભાઈ શાહ પોતાના પરીવાર સાથે રહે છે તેમજ તેઓ અનાજ કરીયાણાનો વેપાર કરે છે. ગતરાત્રીના રાજેશભાઈ તેઓના પિતા બિમાર હોવાથી તેમની ખબર કાઢવા ગયા હતા. અને તેમના પત્ની-પુત્ર શાંતિનિકેતન એપાર્ટમેન્ટમાં પોતાના ઘરે હતા. આજે સવારે રાજેશભાઈના પત્ની પર્યુષણના તહેવાર હોવાથી દર્શન કરવા માટે દેરાસર ગયા હતા તે દરમિયાન તસ્કરોએ ઘરનો મુખ્ય દરવાજો તોડીને અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ ઘરમાં સુતેલા રાજેશભાઈના પુત્રના રૂમનો દરવાજો બહાર બંધ કરી દીધો હતો અને બીજા રૂમમાં પડેલી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ સહીત કુલ ૧૦,૦૯,૮૦૦ મુદ્દામાલ તસ્કરો ઉઠાવી ગયા હતા. દર્શન કરીને પરત ફરેલા રાજેશભાઈના પત્નીએ ઘરના મુખ્ય દરવાજાનું તાળું તુટેલું જોતાં તેમના હોશકોશ ઉડી ગયા હતા તરત જ તેમમે તેમના પુત્રના રૂમના દરવાજો ખોલીને તેને જગાડીને બનાવ અંગેની જાણ કરી હતી. ત્યારબાદ તેમણે તેમના પતિ રાજેશભાઈને ઘટના અંગે જાણ કરતા તેઓ તરત જ પોતાના નિવાસે દોડી આવ્યા હતા ત્યારબાદ તેમણે પોલીસ અધિકારીને બનાવ અંગેની જાણ કરી હતી.

સ્નેચર્સ ઝડપાયા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દોરાનો કુલ ૨૮.૫ તોલા વજનનો આશરે કિ. રૂ. ૪,૬૭,૦૦૦નો મુદ્દામાલ રીકવર કરવાની કામગીરી ચાલી રહી છે.

જિલ્લા પોલીસવડા શરદ સિંઘલની સુચનાથી ગાંધીનગર એલ.સી.બી. પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમ છેલ્લા આઠ-દસ મહિનાથી તરખાટ મચાવી દેનાર ચેઈન સ્નેચર્સને શોધી કાઢવાના ફિરાકમાં હતા. દરમ્યાન બાતમીદારોથી ગુપ્ત રીતે મેળવીને પોલીસ કોન્સ્ટેબલ અરવિંદસિંહ શંકરસિંહે સમગ્ર માહિતી સંદર્ભે પી.એસ.આઈ. વાય.જે. રાઠોડને જાણ કરી હતી. આખી એલ.સી.બી.ની ટીમે ખ-૦ થી ખ-૩ તરફના રોડ પર વોચ ગોઠવીને ગઈકાલે પલ્સર બાઈક નં. જીજે-૧-સી.જે-૨૦૦૮ સાથે જતાં બે શખ્સોને પકડી પાડ્યા હતા. મુળ મહેસાણાના પીલુંદ્રાનો અને હાલ પેથાપુરના ગજાનંદ સોસાયટી મકાન નં. ૨ માં રહેતો વનરાજ ઊર્ફે વનો પોપટસિંહ ચાવડા (ઉ.વ.૨૫) અને મુળ સુરેન્દ્રનગરના અખીયાણાનો અને હાલ અમદાવાદ રામોલના જડેશ્વર પાર્ક મહાદેવનગરના અક્ષય દિનેશ પટેલ (ઉં.વ.૧૯) બન્ને પકડાયેલા શખ્સોની એલ.સી.બી.ની ટીમે સઘન પુછપરછ કરતાં ગાંધીનગર શહેરના અલગ-અલગ વિસ્તારમાં છેલ્લા આઠ મહિનામાં થયેલી કુલ ૨૨ ચેઈન સ્નેચીંગ કરી હોવાની કબુલાત કરી લીધી છે.

પકડાયેલા બન્ને આરોપીઓ વનરાજ અને અક્ષયે તેના અન્ય એક સાગરીત વસ્ત્રાલના રાધે પાર્ક સોસાયટીમાં રહેતો દેવલ ઊર્ફે ભોટીયો દિલીપ પટેલનું પણ નામ ખોલ્યું છે. ત્રણ પૈકી કોઈપણ બે ની જોડી બાઈકમાં બેસી જતી અને ચેઈન સ્નેચીંગ કરી દીધા બાદ પેથાપુર પહોંચી જઈને રાત્રે ખેંચેલો દોરો વેચવા નીકળતા હતા. આ શખ્સો ચેઈન સ્નેચીંગ કરવા નીકળે ત્યારે બીજા નંબરવાળી પટ્ટી બાઈક પાછળ લગાવી દેતા હતા અને ચેઈન આંચકી લીધા બાદ થોડે આગળ જઈને પટ્ટી ચાલુ બાઈકે જ ઉખાડી દેતા હતા. સોનાના દોરા અમદાવાદના વસ્ત્રાલ મહાદેવનગર ટેકરા ખાતેની જગદંબા જ્વેલર્સના અશોક વાલચંદ સોનીને ૩૦ ટકા ગાળો રાખીને વેચી મારતા હતા. સોની અશોકને એલસીબીએ સોનાના દોરા રીકવર કરવા રાઉન્ડઅપ કરી લીધો છે.

પકડાયેલો વનરાજ રીઢો ચેઈન સ્નેચર છે. વનરાજ અને વોન્ટેડ દેવક જીનમલમાં પણ ચેઈન સ્નેચીંગમાં પકડાયેલા છે અને વનરાજે પાસામાં પણ જેલવાસ ભોગવ્યો છે. ચેઈન સ્નેચર્સ મોજશોખ માટે ગુના આચરતા હોવાનું બહાર આવ્યું છે. એલસીબીએ આ સંદર્ભે ઊંડી તપાસ હાથ ધરી છે.

દંડ ફટકાર્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિગતો એકત્ર કરવામાં આવી રહી છે. આ દંડની રકમમાંથી પર્યાવરણની જાળવણી માટે તેમજ રિસ્ટોરેશન માટે ખર્ચ કરાશે.

સુનિતા નારાયણની અધ્યક્ષતામાં ભારત સરકારે એક કમિટી બનાવી હતી. આ કમિટીએ મુંન્દ્રા સ્થળની જાત તપાસ પણ કરી હતી. રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે ૭૫ હેક્ટર વિસ્તારમાં આવેલા મેન્ગ્યુવ્સના જંગલોમાં અદાણીની -વૃત્તિઓના કારણે ભારે નુકશાન થયું છે. રિપોર્ટમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે અદાણીએ બાંધકામ કરીને ક્રીક વિસ્તારમાં પણ બ્લોકેજ ઉભું કર્યુ છે., જેના કારણે દરિયાઈ જીવસૃષ્ટીએ પણ નુકશાન થઈ શકે છે.

પર્યુષણ પર્વ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શરીર, ધન, પરિવારનાં બંધન છુટી જાય છે. ટુંકમાં આસક્તિથી જ ભય ઉત્પન્ન થાય છે. જ્યારે સરકાર અને સત્તા સાથે જોડાયેલ લોકો સલામતી રક્ષકો સિવાય બહાર નીકળવું એમના માટે મુશ્કેલ છે. મહાવીર વાણીને અક્ષરશઃ જીવનમાં ઉતારી અને ભય ભાગી ગયો. બસ, મન મજબુત કર્યા પછી ભય નાબુદ થાય છે અને પરમની પ્રાપ્તિ થાય છે. કોઈ વ્યક્તિ મહાવીર કે આચાર્ય ભિક્ષુનું જીવન, સંવત્સરી પર્વના સંદેશને સમજવા પ્રયત્ન કરે ત્યારે પહેલા આશક્તિ છોડવી પડે પછી કલેશ, સંઘર્ષ, ભય બધું જ શાંત. અને માત્ર પરમની પ્રાપ્તિ. પર્યુષણ મહાપર્વના આઠ દિવસ અધ્યાત્મ ચિંતનનો સમય છે. મે એક પુસ્તક વાંચ્યું છે. 'સોલ્યુશન ઓફ એવરી પ્રોબ્લેમ' - દરેક સમસ્યાનું સમાધાન. પર્યુષણનું આ મહાપર્વ કોઈપણ સમસ્યાનું આધ્યાત્મિક સમાધાન કરે છે. મન, શરીર કે ભાવનાની કોઈ પણ સમસ્યા માટે આ આઠ દિવસમાં વિચાર પ્રયોગ કરવો પડે અને ખરેખર આમ થાય તો પર્યુષણ પર્વ એક યૌગિક પર્વ બની જાય છે. અને આપણા જીવનને સમસ્યાથી મુક્ત બનાવવાનું મહાપર્વ પણ બની જાય.

પ.પૂ. પન્યાસશ્રી પ્રશાંતકિર્તિસાગર મહારાજ સાહેબ તેમજ ભવ્ય કિર્તિસાગર મહારાજ સાહેબની અમૃતવાણી

જાહેર સુચના / સુધારો

પાટનગર યોજના વિભાગ નં.૧, ગાંધીનગર

પાટનગર યોજના વિભાગ નં.૧, ગાંધીનગર અત્રેથી આપવામાં આવેલ નવરાત્રી મહોત્સવ-૨૦૧૩ માટેની જાહેર સૂચનાના છેલ્લા ફકરામાં દર્શાવેલ 'એક વ્યક્તિ/સંસ્થા કોઈપણ એક જ સ્થળ માટે અરજી કરી શકશે' ને બદલે 'એક વ્યક્તિ / સંસ્થા તમામ સ્થળ માટે અરજી કરી શકશે. પરંતુ ફાળવણી એક જ સ્થળની કરવામાં આવશે.' તેમ વાંચવું અને તમામ અરજી સાથે અલગ અલગ રીતે બાનાની રકમની એફ.ડી.આર. બીડવાની રહેશે. અન્ય વિગતો યથાવત રહેશે.

માહિતી/૧૧૩૭/૧૩-૧૪